**શ્રી ગુરુનામામૃતપાન - જ્ઞાનપ્રપા**
**Shri Gurunamamrutpan - Gyanprapa**


- **સંકલન** : **શ્રી જશભાઈ એ. પટેલ**

- **પ્રાપ્તિસ્થાન** : **અખિલ ભારત શ્રી રંગ અવધૂત પરિવાર**

**અંબાલાલ એન. પટેલ**
૧, યશસાગર સોસાયટી,
સત્યનારાયણ મંદિર પાસે, ઘાટલોડિયા,
અમદાવાદ-૩૮૦૦૬૧.
ફોન : ૨૭૬૬૧૩૧૫

**પ્રવિણભાઈ એ. દવે**
૪૩, અશોકનગર સોસાયટી,
લાલાકાકા હોલ સામે, શાહપુર દરવાજા બહાર,
અમદાવાદ-૩૮૦૦૦૪.
ફોન : (રહે.) ૨૫૬૩૩૭૫૪ (ઓ.) ૨૨૭૪૦૭૪૮

- **આવૃત્તિ** : **પ્રથમ**

- **પ્રત** : ૧૦૦૦

- **મુલ્ય** : રૂ. ૨૫/- $ 5.00

- **સંગીતકાર** : શંભુ મહેતા - મૌલિક મહેતા

- **સ્ટુડીયો** : હાર્મની રેકોર્ડીંગ સ્ટૂડીયો

- **ગાયક વૃંદ** : અમિ ઠાકોર, શંભુ મહેતા, હર્ષ પટેલ, વિષ્નુ જોષી, સમિપ સ્વાદીયા, જાનકી જોષી, પ્રવિણ જોષી, જયદીપ ચાવડા, અમિત પ્રજાપતિ

- **મુદ્રક** : **શ્રી ગણેશ પ્રિન્ટર્સ**

એ-૪, શ્રીકુંજ શોપીંગ સેન્ટર,
રન્નાપાર્ક, ઘાટલોડિયા, અમદાવાદ-૩૮૦ ૦૬૧.
ફોન : ૨૭૪૭૨૭૨૯ મો. : ૯૮૨૫૬ ૧૫૧૬૧

## પ્રસ્તાવના

શ્રી ગુરુલીલામૃત એક ઉપાસના કરવા માટેનો ગ્રંથ છે. પૂ.સદ્‌ગુરુ ભગવાન શ્રી રંગઅવધૂત બાપજીએ એની રચના કરી છે. આ ગ્રંથમાં દત્તપ્રભુની, દત્તના અવતાર એવા શ્રીપાદવલ્લભ, નૃસિંહસરસ્વતી સ્વામીની અને પૂ.શ્રીના સદ્‌ગુરુ દત્તાવતારી પ.પૂ.વાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજની લીલાઓનું ત્રણ કાંડમાં (જ્ઞાનકાંડ, કર્મકાંડ અને ઉપાસનાકાંડ) ૧૪૮ અધ્યાયમાં અને ૧૯૦૦૫ દોહરામાં વર્ણન છે. દેવની આજ્ઞા અનુસાર દેવ દ્વારા લખાવાયેલો અને દેવપુરુષે લખેલો ઔપસાનિક ગ્રંથ છે, પૌરાણિક ગ્રંથ નથી. પૂ.શ્રીએ લખ્યું જ છે કે આ ગ્રંથ શરૂઆતથી માંડીને અંત સુધી બ્રહ્મરસાસ્વાદે ભરેલો છે.

બ્રહ્મરસાસ્વાદે ભર્યો, નર્યો ગ્રંથ સાદ્યંત,
મદ્‌વાક્યે વિશ્વાસ જો, જોશે પરચો સંત.

પૂ.શ્રીએ આ ગ્રંથમાં જ્ઞાનની, યોગની, નિષ્કામ અને સકામ કર્મોની, દૈનિક જીવન જીવવાની અને ઉપાસનાની અનેક વિગતો વર્ણવી છે. **જેને જેની જરૂર હોય તેને તે વસ્તુ મળી રહે એવો આ દિવ્ય ગ્રંથ છે.**

આ ગ્રંથની ઉપાસના દ્વારા, પારાયણ દ્વારા સાંસારિક કે આધ્યાત્મિક હેતુ સિધ્ધ કરી શકાય છે.

આપણા દત્તાવતારી ગુરુમહારાજે રચેલ આ ગ્રંથમાંથી જુદા જુદા શીર્ષકો હેઠળ તે શીર્ષકોને લગતા લગભગ ૪૦૦૦ દોહરા જે આર્ત સ્તુતિ, ગુરુમહિમા, ભક્તિ, તથા વેદાંત માટે લખાયા છે તે અલગ કાઢીને આ ગુરુનામામૃતપાનમાં સામેલ કરેલ છે તથા તે શીર્ષકને લગતા દોહરાનું ઓડિયો સીડી તથા કેસેટમાં ગાન કરેલ છે. આ દોહરાનું નિત્ય વાંચન સાથે ગાન કરવું હોય તે માટે આ સાધન ઘણું જ સુલભ છે તેથી ગુરુમહારાજ જરૂરથી એનું ફળ આપશે જ એવી શ્રધ્ધા અને નિષ્ઠા સાથે આપ ભક્ત જનોની સમક્ષ મુકતા અતિ આનંદ થાય છે. ગુરુમહારાજ સૌનું કલ્યાણ કરો, સૌને સદ્‌બુધ્ધિ આપો તથા સૌનું રક્ષણ કરો. પૂ.બાપજીએ આપેલ સુત્ર પ્રમાણે 'પરસ્પર દેવો ભવ'ની ભાવના આપણા સૌમાં સાકાર થાઓ.

શ્રીગુરુનામામૃતપાનના પહેલા વિભાગમાં શ્રીગુરુલીલામૃત ગ્રંથમાં જ્યાં જે જે પાત્રો દ્વારા ભગવાનની, ગુરુજીની તથા દેવદેવીઓની સ્તુતિ, સ્તવન, પ્રાર્થના, વંદના વિ. થયેલા છે તે તે દોહરા તથા પાત્રો અલગ કાઢ્યા છે. હે સદાચારી ભક્તો શ્રી ગુરુમહારાજની પ્રેરણાથી થયેલ આ ગુરુનામામૃતનું ચાલો આપણે વાંચન, મનન તથા ગાન કરી ધન્ય થઈએ.

સકલાભીષ્ટદ એ નકી ! સૂણો અન્ય પણ તેમ;
પ્રીતિ ગાયન પર મને, મન્નિમિત્તો એમ. ૧૦૫/૪૮

સદ્‌ગુરુસ્મરણ કરે સદા, પૂજ્ય થાય નર તેહ;
ગુરુનામામૃતપાનથી જાય મરણ સંદેહ. ગુરુદેવ... ગુરુદેવ... ગુરુદેવ... ૩/૧૪૩

જ્ઞાનપ્રપા ચાલુ કરી પીએ સુભાગી જન;
**રંગ** કૃપા ગુરુની થતાં, થાય મુક્ત તત્ક્ષણ ગુરુદેવ... ગુરુદેવ... ગુરુદેવ... ૧૦/૧૧૫

**ગદ્યાંતર :-**

જે કોઈ સદ્‌ગુરુનું સતત સ્મરણ કરે છે તે લોકોમાં પૂજવા યોગ્ય બને છે. અને ગુરુના નામના અમૃતના પાનથી મરણની શંકા ટળી જાય છે.

મેં આ જ્ઞાનની પરબ માંડી છે. સદ્‌ભાગી માણસ એનું પાન કરે છે. રંગગુરુ કહે છે કે ગુરુની કૃપા થતાં જ વ્યક્તિ તે જ ક્ષણે મુક્ત થઈ જાય છે.

મૂળી ફોઈને પૂ.બાપજી એ પત્ર દ્વારા જણાવેલું કે :

બહેન મૂળી,

એક વખતે તે મને લખેલું કે મારે માટે એક મહાભારત રચો. ગુરુલીલામૃત એ સાત્વિક વિનંતીનું જ ફળ છે. એમાંનો ! શિષ્ય નિરંજન તે તુંજ છે એ ભાવનાથી વાંચ અને જો એમાં કેવી વીજળી ભરેલી છે.

નિત્ય મધુર ગાયન કરે, શુધ્ધ ભક્તિથી આંહ્ય;
ગાય સુલીલા માહરી, વસું તદ્‌ગૃહે ત્યાંય. ગુરુદેવ... ગુરુદેવ... ગુરુદેવ... ૧૦૫/૪૯

ગાંતા ચરિત્ર ભાવથી, સૂણતાં તેમ સદાય;
સ્વપ્ને દુઃખ રહે નહીં ! રંગ ભવવ્યથા જાય !! ગુરુદેવ... ગુરુદેવ... ગુરુદેવ... ૧૧૨/૯૫

**ગદ્યાંતર :-**

વળી બીજુ પણ સાંભળી લો મને ભજન સંગીત ઉપર ખૂબ પ્રેમ છે. એટલે મારા નિમિત્તે જે કોઈ શુધ્ધ ભક્તિભાવથી ભજન કરશે અને મારી મનોરમ્ય લીલાનું કીર્તન કરશે તેના ઘરમાં હું રહીશ. એણે પ્રારબ્ધથી ડરવાનું નહિ રહે. એના ઘરમાં લક્ષ્મીનો અખંડ વાસો રહેશે. અને એ કદી મોહ માયામાં નહિ સપડાય.

આ ચરિત્ર ભાવપૂર્વક ગાવાથી અને સાંભળવાથી હંમેશ માટે સ્વપ્નમાં પણ દુઃખ ટળી જાય છે.

**શ્રી મોદીકાકાને પણ પત્ર દ્વારા જણાવેલું કે :-**

*ભાઈ મોદી,*

આપણો ગ્રંથ પૌરાણિક નથી, ઔપાસનિક છે. એનો આધાર ફાવે તેણે ફાવે તેમ મચડી નાંખેલો પુરાણો નથી. પણ અનેક સંતોની દેવી પ્રેરણા અને સ્વયં પ્રભુ, આત્મચિત્કલા તથા દત્તપુરાણ, દત્તમાહાત્મ્ય તેમજ યામલ ગ્રંથો અને ત્રિપુરાર રહસ્યવાદી પ્રસિધ્ધ અનેક પ્રાસાદિક ગ્રંથો છે. કોઈપણ પાનું ઉઘાડતાં અવધૂત માત્ર લહિયો છે, લખાવનાર બીજો છે, અવધૂત યંત્ર છે, યાંત્રિક કોઈ બીજો જ છે. એ વાત સહૃદય વાચકના ધ્યાનમાં આવ્યા વગર નહિ રહે પણ આ બધું તમારા માટે લખ્યું. પંડિતો અને વિદ્વાનો માટે તો મારે બે હાથ ને ત્રીજું માથું જ આપવાનું છે. અને તે મેં જાહેર રીતે પ્રથમાધ્યાયમાં અર્પી જ દીધું છે.

(બાપજી ! અમ ભક્તોને એ નમેલા બે હાથ ને માથાની જરૂર નથી પણ અમને તો આર્શીવાદ આપતા આપના ઊંચા હાથ અને કરુણામય મસ્તકના દર્શનની જ અભિલાષા છે. અમ સુભક્તોના મસ્તકને આપનાં ચરણોમાં સદાને માટે સ્થાન પ્રાપ્ત થાઓ. બાપજી આપની જય હો ! જય હો ! જય હો !)

**અવધૂત મનન :-**

Criticની આંખો બાજુએ મૂકી ભક્તની દૃષ્ટિથી સૌની તરફ આ કે અન્ય કોઈના સ્તોત્ર પણ - નિહાળો તો તમને અવશ્ય આનંદ મળશે. મારી ભિખારીની પરીક્ષા શી ? હું જીત્યો તો એ શું ? ને હાર્યો તો એ શું ?

મારી ફિલોસોફીમાં બીજાનો વિચાર જ નથી.

"મંદિર જાઉ ન મસ્જિદ ધાઉં
દત્તદ્વાર હું શ્વાન સંતો ૫
ભોં ભોં કરતાં જન્મ ગયો આ
રંગ થજો અવસાન સંતો. ૬

યોગ્ય સમયે પરમેશ્વર તમને જ બધી જોગવાઈ કરી આપશે.

સંસાર ભાંજગડિયો છે માટે સર્વ ચિંતા ગુરુમહારાજને સોંપી ભજન કરો. એ કરશે તેની યોગ્યાયોગ્યતાનો વિચાર...

તમે લોકો જેટલું ભજન કરશો એટલી એની શક્તિ વધશે. સર્વ સામર્થ્યનું મૂળ ભજન છે. એ વિના બીજું બધું અવધૂતને મન ઝાંઝવાના નીરથીયે ફીકું છે. સંસારની ચિંતા શું કરો છો ? જેમ અવધૂતે પોતાનું બધું તમારે ચરણે-ભક્તોને ચરણે અર્પણ કર્યું છે તેમ તમે તમારું સર્વસ્વ અવધૂતને ચરણે અર્પણ કરી નિશ્ચિંત કાં નથી બેસતા ?

''પરસ્પર ભાવયન્તઃ શ્રેયઃ પરમ વાપ્સ્યથ'' એ પ્રભુનું વચન વિસરી ના જાઓ.

કોઈની સાથે અડફેટમાં આવવું નહિ. દરેક વ્યક્તિ પાસેથી સારું હોય તે ગ્રહણ કરવું, ખરાબ પ્રત્યે દુર્લક્ષ રાખવું, ફાવે ત્યાં જવું, ન ફાવે ત્યાંથી સદા દૂર રહેવું. સર્વથા હંસવૃત્તિ રાખવી, કાગડો તો કા..કા.. કરે એમાં એનો દોષ નથી, કેમ કે એ એનો સ્વભાવ પડ્યો. એના બાહ્ય રંગથી ભૂલથાપમાં પડી એની પાસેથી કોયલ જેવા એક્યાત્મભાવના મધુર ટહુકાની આશા રાખનાર જ મૂરખ છે. સર્વથા ભજનમાં પ્રમાદ કરવો નહિ. બહારની વેઠ કરવા છતાં પણ અંદરનો તાર તૂટવા દેવો નહિ. બીજુ બધુ યથાપ્રારબ્ધ આવી મળશે. પણ ગયેલી જુવાની નહિ આવી મળે. એનો બને તેટલો સારો ઉપયોગ કરી લેવો. અંગ્રેજી કહેવત Now or Never કદી ભૂલવી નહિ. પોતાનો ચોપડો ચોખ્ખો રાખવો. બીજાના જમા ઉધારની પંચાતમાં ન પડવું. કોઈ સદ્‌ભાવે પૂછે તો એનો મેળ બેસાડી આપવામાં જરૂર મદદ કરવી.

કુત્રિમ ઉપાયોથી જેની ને તેની સ્મૃતિ કાયમ રાખવાની વ્યાવહારિક રીતિઓ પ્રત્યે મને અણગમો છે ને પોતે જ પોતાના સંબંધીજનનું ઢોલ પીટવું એ સ્વમુખે પોતાના સૌંદર્યની કથા કરવા જેવું છે.

મારું બધું નાવ તમારા લોકોના ભજનને આધારે છે. લોક તો મારે ત્યાં ઘણા આવે છે, ફૂલ ચઢાવે છે, આરતીઓ કરે છે, જય બોલાવે છે ! પણ એ બધુ યંત્રવત્ ભાડુતી માણસની માફક; એમાં પોતીકાપણાંની ભાવના નથી હોતી અને એ યંત્ર - જીવનનો મને હવે કંટાળો આવ્યો છે.....

હું ઈચ્છું છુ કે જે પાંચ-દસ પ્રેમીજનો મંડળીમાં છે તેઓ મારા દોષો તરફ દુર્લક્ષ કરી મારી સાથે દિવ્ય કૌટુંબિક ભાવનાથી વર્તે. હું સાંસારિક શબ્દ નથી વાપરતો, કારણ કે એમાં સ્વાર્થ અને સ્હામા પાસેથી પ્રતિસ્વાર્થની અપેક્ષા રહે છે. પણ અવધૂત પાસે સ્હામાને સહાય કરે એવું પોતાનું એવું કશું રહ્યું નથી. એનું શરીર સુધ્ધાં પ્રભુને ચરણે અર્પાઈ ગયું છે. એનાથી હવે પોતાનું કે પારકું કંઈ જ થઈ શકે તેમ નથી. ઊલટું તમે ખાવા આપશો તો જ એ ખાશે, તમે વસ્ત્ર આપશો તો જ લાજ ઢાંકશે, તમે ચાકરી કરશો તો જ જીવશે. કારણ કે તમે એ પ્રભુના જ છાયાચિત્રો છો, એટલે એને ચરણે અર્પાયેલો અવધૂત તમારો જ છે. એને ખોળામાં બેસાડવો કે લાત મારી દૂર કાઢવો એ તમારા પર નિર્ભર છે. એને બન્ને સરખા જ છે. બન્નેમાં તમારા પ્રભુના અંગસ્પર્શના આસ્વાદ છે.

સ્થાનમાં આવનાર દરેક માણસ કે પશું - એક કૂતરુ પણ દત્ત સ્વરૂપ છે. એમ સમજી (અથવા છેવટે મારા શબ્દમાં વિશ્વાસ રાખી એમ માની) કોઈપણ જાતની ખુશામતના આશય વગર તેની યથાશક્તિ જાતે અગવડ વેઠી, બધી સેવા ઉઠાવી લેવી એ મંડળના માણસની એક ધાર્મિક ફરજ છે.

સૌથી મોટો આગેવાન તે કે જે સૌથી મોટો સેવક હોય; સૌથી વધુ કરી છૂટતો હોય, સહી શક્તો હોય....

તમે તમારા પૂરતો વિચાર કરો ને હું મારા પૂરતો વિચાર કરું તો બીજાને કંઈ કહેવાની જરૂર પણ નહિ રહે.

છોકરા કેવા રમે છે ? ખૂબ મહેનત કરી માટીના ઘર બનાવે છે ને લ્હેર આવતા લાત મારી જાતે જ એ ભાંગી નાંખે છે. બંન્નેયમાં એમને સરખો જ આનંદ આવે છે. કારણ કે એમને મન બંન્ને ય રમત છે અને આશક્તિ એકેયમાં નથી તેમ સંસાર એક ખેલ છે, ફાવે તેમ ખેલી લો ! સુખની ચાવી અનાશક્તિ છે. જસ અપજસ બધું પ્રભુને સોંપી એના મારફતિયા તરીકે કામ કરો કે કંઈ જ દુઃખ નથી. ભજન ખૂબ કરો એ મારી સેવા જ છે.

માનવી મનોરથો કરવા પૂરતો જ સ્વતંત્ર છે, જે તે કાર્યને સફળ કરવું ન કરવું એતો દેવાધીન છે. આમ છતાં શ્રી સદ્ગુરુકૃપા હિ કેવલમ્ !

લાલજી મહારાજે પૂજ્યશ્રી બાપજીને પ્રાર્થના કરી કે...

"હે કૃપાળુ પ્રભુ, આપ બળ બુધ્ધિનાં સ્વામી છો. આપ એવું કંઈક કરો કે જેથી મારા જીવનમાં ભગવદ્ભક્તિ પ્રગટ થાય, મારા તન મન બુધ્ધિમાં સાત્વિક્તા આવે, દૈવી ભાવો જાગે, મારું અંતિમ લગીનું જીવન ભગવદ્ પ્રીતિ અર્થે જ વ્યતીત થાય ! હે પ્રભુ મને જેવા બળબુધ્ધિ આપશો તેવાં ભજનભાવ બની શકશે. લાલુ તો નિમિત્ત છે. કર્તા હર્તા આપશ્રી ભગવાન જ છો. હે પ્રભુ ! મને પોતાનો માની નિભાવી લેશો. જય ગુરુદેવ.

મળ, વિક્ષેપ અને આવરણ પૈકી નિષ્કામ કર્મથી મળનો નાશ થાય છે અને ચિત્ત શુધ્ધ થાય છે. ઉપાસનાથી વિક્ષેપ દૂર થાય છે અને ચિત્ત સ્થિર થાય છે અને જ્ઞાનથી આવરણ દૂર થાય છે અને આત્માનું દર્શન થાય છે. મળ એટલે દોષ, પાપ. વિક્ષેપ એટલે મનમાં ખલેલ પાડવી, મન અસ્થિર હોવું, સંકલ્પ-વિકલ્પનું સર્જન-વિસર્જન થયા કરવું તથા આવરણ એટલે ઢંકાયેલું હોવું. મળ અને વિક્ષેપોના આવરણથી ઢંકાયેલું આત્મજ્ઞાન આત્મસાત કરવા માટે ગુરુનામામૃતપાન જરૂરી છે.

ધર્મ, અર્થ, કામ અને મોક્ષમાં અર્થ અને કામ પ્રારબ્ધ પ્રમાણે મળે છે. જ્યારે ધર્મ અને મોક્ષ માટે મહાપુરુષાર્થ કરવો પડે છે. પુરુષાર્થ વગરના માનવને આત્માના દર્શન થતાં નથી.

સામાન્ય ગુરુ શિષ્યનું ચિત્ર હરે છે. જ્યારે બ્રહ્માનિષ્ઠ સદ્ગુરુ શિષ્યનું ચિત્ત હરે છે અને જન્મમરણની પરંપરાનો અંત લાવે છે. બ્રહ્મનિષ્ઠ સદ્ગુરુ પણ યોગ્ય શિષ્યની, ભક્તની શોધમાં હોય છે. તો ચાલો આ જ્ઞાનપ્રપાનો લાભ લઈ સચ્છિષ્ય, સુભક્ત બનીએ જેથી સદ્ગુરુને આપણે 'હું તારો' 'હું તારો' કહેવાની પણ જરૂર ના પડે અને આપણા આ ગાનથી કે સદ્ભક્તિથી પ્રસન્ન થઈને સદ્ગુરુ બાપજી સામે ચાલી આવીને આપણને કહે કે 'તું મારો છે' 'તુ મને પ્રિય છે' 'ધન્ય છે તને'

**"અવધૂતચિંતન શ્રી ગુરુદેવ દત્ત"**

## સદ્‌ગુરુની હૂંફ

સદ્‌ગુરુનો અર્થ જીવંત આદર્શ - Living ideal - એવો સમજવાનો હોય. એ આદર્શ આપણે નજરે અનુભવીએ તો આપણને એ કક્ષા શક્ય છે એની ખાતરી થાય એટલે જીવનમાં હારી જનારાને, હતાશ કે નિરાશ થનારાને એવા જીવંત આદર્શ નજર સામે જોવાથી ઓછી-વત્તી હિંમત આવે, પ્રોત્સાહિત થઈને પુરુષાર્થ કરવાનું બળ મળે અને હાલી ગયેલી શ્રદ્ધા સ્થિર થવા પામે. જેમ એક અનુભવી નિષ્ણાત દાકતરને જોતાં જ દર્દીમાં એક પ્રકારની શ્રદ્ધા જન્મે છે અને તેનો બધો રોગ એ દાક્તરના મુખેથી બે શબ્દ સાંભળતાં જ જતો રહે છે તેમ એ જીવંત આદર્શને પોતાની આંખ સામે હરતો-ફરતો જોતાં ભવરોગીની અંતરમાં શાંતિ અને સમાધાનનો સંચાર થવા પામે છે.

જીવંત સત્પુરુષની અવેજીમાં કોઈ સમાધિસ્થ મહાપુરુષ પર જો ચિત્ત સ્થિર થાય અને એમાંથી આપણને સદા પ્રેરણા મળ્યા કરે તો એવી વ્યક્તિને અંતઃકરણના સિંહાસન પર સદ્‌ગુરુપદે બિરાજમાન કરવામાં જરાયે વાંધો નથી. વળી, એ વ્યક્તિ અમુક જાતિ, વય, દેશ કે કાળની હોવી જોઈએ એવું પણ નથી. સત્પુરુષ એ બધાં બંધનો-સાંસારિક, માયિક, વ્યાવહારિક બંધનોથી પર છે. ગુરુભાવ એ અંતઃકરણનો ધર્મ છે એટલે હૃદયની ભાવના જ્યાં સંલગ્ન થાય, જેના સ્મરણમાત્રથી હૃદયવીણાના તાર ઝણઝણી ઊઠે, જેના ચિંતનથી શાંતિ અને સમાધાન, શાતા અને સાત્ત્વિક આનંદનો અનુભવ થાય, ગમે તેવા હચમચાવી નાખે એવા ઝંઝાવાતોમાં પણ જેની હૂંફથી આપણને લાગ્યા કરે કે આપણા ઉપર સમર્થ મહાપુરુષનો પંજો છે અને આપણે સુરક્ષિત છીએ એવી અંતરમાં એક પ્રકારની અડોલ, સ્વયંભૂ શ્રદ્ધા રણક્યા કરે એવી કોઈ પણ જીવંત કે સમાધિસ્થ વ્યક્તિને ગુરુપદે સ્થાપિત કરવામાં કલ્યાણ છે. **- રંગ અવધૂત**

''ગુરુનામામૃતપાન'' પુસ્તક તથા ઓડિયો સીડી-કેસેટ બનાવવા પરિવારના અનેક ભક્તોએ અનેક રીતે સાથ-સહકાર આપ્યો છે તે ભૂલાય તેમ નથી. સૌ નામી-અનામીનો આભારી છું. નામ સ્વરૂપે ઋણ સ્વીકાર કરી લઉં તો.... શ્રી જગદીશાનંદજી (રંગબાળ), શ્રી વિષ્ણુભાઈ જોષી, શ્રી જાનકી જોષી, શ્રી નવનીતભાઈ પાઠક, શ્રી કાન્તિભાઈ રાવલ, શ્રી કાન્તિભાઈ દવે, શ્રી કુલિનભાઈ ઉપાધ્યાય શ્રી અંબાલાલ પટેલ, શ્રી નવીનભાઈ પાઠક (નારેશ્વર), શ્રી વાસુદેવ નંદુરબારકર, શ્રી ચંદ્રકાંત એમ. પટેલ (યુ.એસ.એ.), ડૉ. મહેન્દ્ર પટેલ (યુ.એસ.એ.), સંગીત નિયોજક શ્રી શંભુ મહેતા, મૌલક મહેતા તથા ગાયકવૃંદ, શ્રી ધીરુભાઈ જોષી, શ્રી વિઠ્ઠલભાઈ પાઠક, શ્રી અરુણભાઈ ત્રિવેદી, શ્રી નૈમેષભાઈ પટેલ (અક્ષર ગ્રાફિક્સ), શ્રી શંભુભાઈ પટેલ, શ્રી નીતીનભાઈ પટેલ તથા શ્રી સંદીપ ભોજકનો સવિશેષ આભારી છું.

## સમર્પણ વંદના

જેના થકી આપણે સહુ 'પરસ્પર દેવોભવ' ભાવે એકત્ર થયા એ શ્રી અખિલ ભારત રંગ અવધૂત પરિવારને આ પ્રકાશન / નિર્માણ અહૈતુકી ભાવે સમર્પિત કરવાની ગુરુ મહારાજે અમને પ્રેરણા આપી તે અમારું અહોભાગ્ય !

**શ્રીમતી કોકિલાબેન જસભાઈ પટેલ** **શ્રીમતી હંસાબેન મહેન્દ્રભાઈ પટેલ**

## શ્રી ગુરુલીલામૃત અમૃત મહોત્સવ ૧૦૦૮ પારાયણ પર્વે સમર્પણ વંદના

શ્રી ગુરુલીલામૃત અમૃત મહોત્સવ અંતર્ગત શ્રી રંગ સેવા સદન નારેશ્વર આયોજિત શ્રી ગુરુલીલામૃત ૧૦૦૮ પારાયણ અનુષ્ઠાનમાં (તા. ૨૮-૧૨-૨૦૦૬ થી તા. ૩-૧-૨૦૦૭) ઉપસ્થિત પારાયણાર્થીઓને વંદન સહ ગુરુદેવ દત્ત..... !

પરબ્રહ્મ સ્વરૂપ વેદાંતાચાર્ય સદ્‌ગુરુ શ્રી રંગાવધૂત મહારાજ વિરચિત વરદ્ ગ્રંથરાજ શ્રી ગુરુલીલામૃતના જ્ઞાન, કર્મ અને ઉપાસના કાંડમાં સંતો, ભક્તો, સતીદેવીઓ, સિધ્ધાત્માઓ, ઋષિવર્યો અને દત્તપ્રભુની આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક પરાત્પર સ્તુતિવંદનાને પૂ. શ્રી એ શબ્દબ્રહ્મ સ્વરૂપે આલેખી છે. આ વિશદ્ વંદનામાંથી રંગવ્યાસંગી વિદ્વદ્‌જન દ્વારા ચયન કરાયેલ અધ્યાય અને દોહરાઓને પ્રસ્તુત 'ગુરુનામામૃતપાન-જ્ઞાનપ્રપા' પુસ્તકમાં સમાવિષ્ટ કરેલ છે.

પૂ. શ્રી પ્રત્યેના આપણા સૌના શરણાગત ભક્તિભાવથી આ પારાયણ અનુષ્ઠાન પ્રસંગે આ પુસ્તક આપને પારાયણ-પ્રસાદી રૂપે અકીંચન ભાવે અર્પી પૂ. શ્રીને કોટિ કોટિ વંદન.

પૂ. શ્રીની પરમોચ્ચ કૃપા થકી સૌનો ઉપાસના માર્ગે અભ્યુદય થાય એ જ પ્રાર્થના.

॥ कर्मण्येवाधिकारस्ते, मा फलेषु कदाचन् ॥

**શ્રીમતી કોકિલાબેન જસભાઈ પટેલ**
**શ્રી જશભાઈ અંબાલાલ પટેલ**
**(યુ.એસ.એ.)**

**શ્રીમતી હંસાબેન મહેન્દ્રભાઈ પટેલ**
**શ્રી મહેન્દ્રભાઈ અંબાલાલ પટેલ**
**(યુ.એસ.એ.)**

## અનુક્રમણિકા

| ગુરુલીલામૃતમાં અધ્યાય | પેજ નં. | કોણ સ્તુતિ કરે છે ? કોની ? | કેટલા દોહરા | દોહરા નંબર |
|---|---|---|---|---|
| ૧ | ૧ થી ૪ | વંદના : - ગણપતિ, શારદા, દત્ત અને ગુરુજીને | ૮૪ | ૧ થી ૮૪ |
| ૨ | ૪ | નિરંજનની સ્તુતિ | ૨૭ | ૨, ૫ થી ૩૦ |
| ૫ | ૫ | અત્રિ મુનિ | ૪ | ૨૯ થી ૩૨ |
| ૬ | ૫ | અનસૂયા માતા | ૫ | ૮૧ થી ૮૫ |
| ૭ | ૫ | અનસૂયા માતા | ૨૮ | ૨ થી ૨૯ |
| ૮ | ૬ | અત્ર્ય અનસૂયા | ૧૦ | ૩૮ થી ૪૭ |
| ૯ | ૬ | પિંગલ નાગ | ૪ | ૯૦ થી ૯૩ |
| ૧૧ | ૬ | દેવો | ૬ | ૮૯ થી ૯૩ |
| ૧૨ | ૭ | અર્જૂન | ૯ | ૧૩૭ થી ૧૪૫ |
| ૧૨ | ૭ | અર્જૂન | ૪ | ૨૩ થી ૨૬ |
| ૧૨ | ૭ | અર્જૂન | ૩૧ | ૮૪ થી ૧૧૪ |
| ૧૨ | ૮ | શાન્ત તપા મુનિ | ૨ | ૧૨૫, ૧૨૬ |
| ૧૨ | ૮ | અર્જૂન | ૨૩ | ૧૨૯ થી ૧૫૧ |
| ૧૪ | ૯ | વિષ્ણુદત્તના પત્ની - સૂર્યદેવને | ૩ | ૮૦, ૮૧, ૮૨ |
| ૧૪ | ૯ | વિષ્ણુદત્તના પત્ની - અગ્નિદેવને | ૩ | ૮૫, ૮૬, ૮૭ |
| ૧૪ | ૯ | વિષ્ણુદત્ત | ૫ | ૯૧ થી ૯૫ |
| ૨૬ | ૯ | પરશુરામ | ૩ | ૨૬, ૨૭, ૨૮ |
| ૨૬ | ૯, ૧૦ | રેણુકા માતા | ૧૯ | ૩૩ થી ૫૧ |
| ૨૬ | ૧૦, ૧૧ | શ્રીદત્ત પ્રભુ - રેણુકા માતાને | ૧૪ | ૫૨ થી ૬૫ |
| ૨૬ | ૧૧ | રેણુકા માતા | ૪ | ૧૦૪ થી ૧૦૭ |
| ૨૮ | ૧૧ | ગાલવ મુનિ | ૨ | ૧૭, ૧૮ |
| ૩૦ | ૧૧ | અશ્વતર નાગ સરસ્વતિ માતાને | ૧૩ | ૪ થી ૧૬ |
| ૩૨ | ૧૧ | મદાલસા માતા માટે | ૨ | ૩૯, ૪૦ |
| ૩૩ | ૧૧ | અલર્ક | ૩ | ૨૨, ૨૩, ૨૪ |
| ૪૧ | ૧૧, ૧૨ | દત્ત પ્રભુને | ૩૦ | ૭૭ થી ૧૦૬ |
| ૪૩ | ૧૨, ૧૩ | આયુરાજા | ૮ | ૫૮ થી ૬૫ |
| ૪૭ | ૧૩ | ઈંદુમતિ | ૧૩ | ૧૦૨ થી ૧૧૪ |
| ૪૮ | ૧૩ | નહુષ - વસિષ્ટ મુનિને | ૪ | ૪૩ થી ૪૬ |
| ૪૮ | ૧૩, ૧૪ | નહુષ - દત્ત પ્રભુને | ૧૨ | ૫૦ થી ૫૮ અને ૮૦ થી ૮૨ |

| ગુરુલીલામૃતમાં અધ્યાય | પેજ નં. | કોણ સ્તુતિ કરે છે ? કોની ? | કેટલા દોહરા | દોહરા નંબર |
|---|---|---|---|---|
| ૪૯ | ૧૪ | નહુષ | ૪ | ૮૩ થી ૮૬ |
| ૫૧ | ૧૪ | યદુરાજા | ૪ | ૫૭ થી ૬૦ |
| ૫૬ | ૧૪ | નિરંજન | ૪ | ૩૦ થી ૩૩ |
| ૫૬ | ૧૪ | સુમતિ માતા | ૬ | ૪૮ થી ૫૩ |
| ૫૭ | ૧૪, ૧૫ | અપ્સરા - નારાયણને | ૧૮ | ૯૩ થી |
| ૫૮ | ૧૫ | અપ્સરા | ૪ | ૧ થી ૪ |
| ૫૮ | ૧૫ | અપ્સરાઓ | ૮ | ૭૮ થી ૮૫ |
| ૫૯ | ૧૫-૧૮ | અપ્સરાદીક | ૬૬ | ૧ થી ૬૬ |
| ૫૯ | ૧૮ | - | ૬ | અને ૭૧ થી ૭૬ |
| ૫૯ | ૧૮ | નારાયણ | ૧૨ | ૭૮ થી ૮૯ |
| ૫૯ | ૧૮ | દેવો | ૮ | ૯૫ થી ૧૦૩ |
| ૬૦ | ૧૮, ૧૯ | દેવો - નરનારણયણની | ૮ | ૨૬ થી ૩૩ |
| ૬૦ | ૧૯ | શ્રી હરિ | ૧૪ | ૪૬ થી ૫૯ |
| ૬૮ | ૧૯ | માધવારણ્ય મુનિ - દત્તપ્રભુને | ૩ | ૧૦, ૧૦૩, ૧૦૪ |
| ૬૯ | ૧૯, ૨૦ | સાયંદેવ | ૭ | ૧૫૧ થી ૧૫૭ |
| ૬૯ | ૨૦ | સાયંદેવ | ૫ | ૧૦ થી ૧૪ |
| ૭૦ | ૨૦ | દ્વિજ | ૭ | ૧૫ થી ૨૦, ૧૯૮ |
| ૭૩ | ૨૦ | ખેડૂત - ગુરુજીને | ૬ | ૬૩ થી ૬૮ |
| ૭૫ | ૨૦ | બ્રાહ્મણ દંપતિ - ગુરુજીને | ૬ | ૮૬ થી ૯૧ |
| ૭૬ | ૨૦, ૨૧ | નિરંજન - અલખજીને | ૪ | ૨ થી ૫ |
| ૭૭ | ૨૧ | ગાણગાપૂરનો ભૂપ - ગુરુ મહારાજને | ૧૪ | ૧૭ થી ૨૪,<br>અને ૨૮ થી ૩૩ |
| ૭૭ | ૨૧ | બ્રહ્મ રાક્ષસ - ગુરુ મહારાજને | ૩ | ૪૮, ૪૯, ૫૦ |
| ૭૮ | ૨૧, ૨૨ | ત્રિવિક્રમ - નૃસિંહ સરસ્વતિ ગુરુ મહારાજને | ૨૯ | ૨૨ થી ૩૨,<br>અને ૪૧ થી ૫૮ |
| ૭૯ | ૨૨ | નિરંજન - અલખજીને | ૪ | ૧ થી ૪ |
| ૭૯ | ૨૨ | ત્રિવિક્રમ ભારતી | ૨ | ૭૫, ૭૬ |
| ૮૩ | ૨૨ | રાક્ષસ | ૩ | ૨૧, ૨૨, ૨૩ |
| ૮૪ | ૨૩ | નિરંજન | ૭ | ૨ થી ૮ |
| ૮૬ | ૨૩ | સાવિત્રી દત્ત | ૧ | ૬૩ |
| ૮૬ | ૨૩ | સાવિત્રી દત્ત | ૧૪ | ૧૬૨ થી ૧૭૫ |
| ૮૯ | ૨૩, ૨૪ | ચંદ્રાગદ - શિવ સ્ત્રોત | ૮ | ૧૩૯ થી ૧૪૬ |
| ૯૩ | ૨૪ | ગંગા (પતિવ્રતા સ્ત્રી) | ૩ | ૧૩૩, ૧૩૪, ૧૩૫ |

| ગુરુલીલામૃતમાં અધ્યાય | પેજ નં. | કોણ સ્તુતિ કરે છે ? કોની ? | કેટલા દોહરા | દોહરા નંબર |
|---|---|---|---|---|
| ૯૫ | ૨૪ | સાયંદેવ | ૧૫ | ૧૫ થી ૨૯ |
| ૯૫ | ૨૪ | સાયંદેવ | ૩ | ૪૬, ૪૭, ૪૮ |
| ૯૬ | ૨૪ | બટુક | ૨ | ૪૫, ૪૬ |
| ૯૬ | ૨૩, ૨૫ | સાયંદેવ | ૧૦ | ૫૫ થી ૬૪ |
| ૯૭ | ૨૫ | યુધિષ્ઠિર | ૧૮ | ૧૪ થી ૩૧ |
| ૯૭ | ૨૫, ૨૬ | કૌણ્ડિણ્ય | ૭ | ૧૩૭ થી ૧૪૩ |
| ૯૯ | ૨૬ | નંદિ વિપ્ર | ૧૦ | ૩૪ થી ૪૩ |
| ૯૯ | ૨૬, ૨૭, ૨૮ | નંદિ વિપ્ર | ૫૨ | ૬૯ થી ૧૨૦ |
| ૧૦૦ | ૨૮ | કવિશ્વર | ૧૩ | ૧૬ થી ૨૮ |
| ૧૦૧ | ૨૮ | ભક્તો - સાત | ૧૩ | ૫ થી ૧૭ |
| ૧૦૧ | ૨૮, ૨૯ | ભક્તો | ૧૩ | ૩૭, ૩૮ |
| ૧૦૨ | ૨૯ | શૂદ્ર | ૫ | ૪૨ થી ૪૬ |
| ૧૦૨ | ૨૯ | શૂદ્ર પત્નિ | ૩ | ૫૮ થી ૬૦ |
| ૧૦૨ | ૨૯ | બહેન રત્ના | ૨ | ૭૯, ૮૦ |
| ૧૦૪ | ૨૯ | યવન ભૂપ | ૭ | ૧૮૯ થી ૧૯૪ અને ૨૦૧ |
| ૧૦૫ | ૨૯ | શિષ્યો | ૭ | ૭ થી ૧૩ |
| ૧૦૬ | ૨૯, ૩૦ | નિરંજન | ૭ | ૧ થી ૭ |
| ૧૦૯ | ૩૦ | શ્રી સ્વામિ મહારાજ | ૧૬ | ૩૧ થી ૪૬ |
| ૧૧૩ | ૩૦ | શાસ્ત્રી બુઆ - શ્રી સ્વામિ મહારાજ | ૭ | ૫૩ થી ૫૬ અને ૮૪ થી ૮૬ |
| ૧૧૯ | ૩૧ | ભક્તો - પ્રાર્થના | ૨ | ઓવી |
| ૧૨૨ | ૩૧ | સ્વામિ મહારાજ | ૫ | ૧૩૮ થી ૧૪૨ |
| ૧૨૩ | ૩૧ | અન્નપૂર્ણા માતા | ૧૭ | ૮૧ થી ૯૭ |
| ૧૨૮ | ૩૧ | શ્રી સ્વામિ મહારાજ | ૪ | ૧ થી ૪ |
| ૧૨૯ | ૩૧, ૩૨ | કર્દમ ઋષિ | ૪ | ૮ થી ૧૧ |
| ૧૨૯ | ૩૨ | દેવહૂતિ માતા | ૧૧ | ૮૭ થી ૯૭ |
| ૧૪૭ | ૩૨ | ગાંડા મહારાજ | ૧૩ | ૩૧ થી ૪૩ |
| ૫૧ | ૫૦ | ચોવીસ ગુરુ દત્ત પ્રભુ યદુ સંવાદ | ૫૦ | ૮૦ થી ૧૩૬ |
| ૫૨ | ૫૧, ૫૨, ૫૩ | પૃથ્વી | ૬૮ | ૪ થી ૭૩ |
| ૫૨ | ૫૩, ૫૪ | વાયુ | ૩૪ | ૭૪ થી ૧૦૭ |
| ૫૨ | ૫૪, ૫૫ | આકાશ | ૨૯ | ૧૦૮ થી |
| ૫૨,૫૩ | ૫૫ | પાણી | ૨૭ | ૧૩૮, ૧ થી ૨૬ |

| ગુરુલીલામૃતમાં અધ્યાય | પેજ નં. | કોણ સ્તુતિ કરે છે ? કોની ? | કેટલા દોહરા | દોહરા નંબર |
|---|---|---|---|---|
| ૫૩ | ૫૬, ૫૭ | અગ્નિ | ૨૯ | ૨૭ થી ૫૫ |
| ૫૩ | ૫૭, ૫૮ | ચંદ્ર | ૨૫ | ૫૬ થી ૮૦ |
| ૫૩ | ૫૮, ૫૯ | સૂર્ય | ૧૯ | ૮૧ થી ૯૯ |
| ૫૩ | ૫૯, ૬૦ | કપોત | ૩૪ | ૧૦૦ થી ૧૨૨ |
| ૫૪ | ૬૦ | અજગર | ૨૨ | ૧ થી ૨૨ |
| ૫૪ | ૬૧ | સમુદ્ર | ૧૦ | ૨૩ થી ૩૨ |
| ૫૪ | ૬૧ | પતંગિયું | ૧૦ | ૩૩ થી ૪૨ |
| ૫૪ | ૬૧, ૬૨ | ભમરો | ૨૧ | ૪૩ થી ૬૩ |
| ૫૪ | ૬૨ | હાથી | ૧૬ | ૬૪ થી ૭૯ |
| ૫૪ | ૬૨, ૬૩ | મધમાખી | ૯ | ૮૦ થી ૮૮ |
| ૫૪ | ૬૩ | હરણ | ૧૧ | ૮૯ થી ૯૯ |
| ૫૪ | ૬૩, ૬૪ | માંછલું | ૧૬ | ૧૦૦ થી ૧૧૫ |
| ૫૫ | ૬૪ | વેશ્યા | ૨૬ | ૧ થી ૨૬ |
| ૫૫ | ૬૫ | ટિટોડી | ૧૧ | ૨૭ થી ૩૭ |
| ૫૫ | ૬૫ | બાળક | ૧૯ | ૩૮ થી ૫૬ |
| ૫૫ | ૬૬ | કુમારીકાનુ કંકણ | ૧૩ | ૫૭ થી ૬૯ |
| ૫૫ | ૬૬ | સર્પ | ૧૩ | ૭૦ થી ૮૨ |
| ૫૫ | ૬૬, ૬૭ | બાણ બનાવનાર (શરકાર) | ૧૪ | ૮૩ થી ૯૬ |
| ૫૫ | ૬૭ | ભમરી | ૭ | ૯૭ થી ૧૦૩ |
| ૫૫ | ૬૭, ૬૮ | કરોળીયો | ૧૫ | ૧૦૪ થી ૧૧૮ |
| ૫૫ | ૭૩ | દત્ત પ્રભુ | ૧૭ | ૧૧૮ થી ૧૩૫ |
| ૧૧૪ થી ૧૨૫ | ૪૩, ૪૪ | ભક્તો | ૮ | - |
| શ્રી ગુરુલીલામૃત | ૩૪ | ગુરુ મહિમા | ૧૫૮ | ત્રણે કાંડ |
| શ્રી ગુરુલીલામૃત | ૪૧ | આર્ત પ્રાર્થના | ૮૧ | ત્રણે કાંડ |
| શ્રી ગુરુલીલામૃત | ૪૪ | ભક્તિ | ૧૦૦ | ત્રણે કાંડ |
| શ્રી ગુરુલીલામૃત | ૪૮ | ક્ષમા યાચના | ૨૬ | ત્રણે કાંડ |
| શ્રી ગુરુલીલામૃત | ૫૦ | ચોવીસ ગુરુ | | |
| શ્રી ગુરુલીલામૃત | ૬૯ | શાસ્ત્રો | ૨૧ | ત્રણે કાંડ |
| શ્રી ગુરુલીલામૃત | ૭૦ | પતિ વ્રતા - સતીના ધર્મો | ૧૫૦ | ત્રણે કાંડ |
| શ્રી ગુરુલીલામૃત | ૭૬ | સ્ત્રી - પુરુષ સંગ | ૭૯ | ત્રણે કાંડ |
| શ્રી ગુરુલીલામૃત | ૭૯ | મૃત્યુ વિષયક | ૨૩૫ | ત્રણે કાંડ |
| શ્રી ગુરુલીલામૃત | ૮૮ | વેદાંત ચિંતન | ૨૯૭ | ત્રણે કાંડ |
| શ્રી ગુરુલીલામૃત | ૯૯ | અદ્વૈતામૃતપાન | ૧૨૨૩ | ત્રણે કાંડ |

## સુધારો

| ક્રમ | પાના નંબર | અધ્યાય | ખોટું છપાયેલ નામ (ભૂતકાળમાં ગાયેલ ગાયકનું નામ) | સાચું નામ (વર્તમાનમાં ગાયેલ ગાયકનું નામ) |
|---|---|---|---|---|
| ૧ | ૨૮ | અ. ૧૦૦ કવિશ્વર | શંભુ મહેતા | હર્ષ પટેલ, સમીપ સ્વાદીયા |
| ૨ | ૨૯ | અ. ૧૦૨ શૂદ્ર | શંભુ મહેતા | હર્ષ પટેલ, સમીપ સ્વાદીયા |
| ૩ | ૨૯ | અ. ૧૦૩ બહેન રત્ના | શંભુ મહેતા | હર્ષ પટેલ, સમીપ સ્વાદીયા |
| ૪ | ૨૯ | અ. ૧૦૪ યવન ભૂપ | શંભુ મહેતા | હર્ષ પટેલ, સમીપ સ્વાદીયા |
| ૫ | ૨૯ | અ. ૧૦૫ શિષ્યો | શંભુ મહેતા | હર્ષ પટેલ, સમીપ સ્વાદીયા |
| ૬ | ૩૦ | અ. ૧૦૯ શ્રી સ્વામિ મહારાજ | શંભુ મહેતા | હર્ષ પટેલ, સમીપ સ્વાદીયા |
| ૭ | ૩૧ | અ. ૧૨૯ કર્દમ ઋષી | શંભુ મહેતા | હર્ષ પટેલ, સમીપ સ્વાદીયા |
| ૮ | ૩૨ | અ. ૧૪૭ ગાંડા મહારાજ | શંભુ મહેતા | હર્ષ પટેલ, સમીપ સ્વાદીયા |
| ૯ | ૩૨ | અન્ય ભક્તોની સ્તુતિઓ | શંભુ મહેતા | હર્ષ પટેલ, સમીપ સ્વાદીયા |
| ૧૦ | ૪૪ | અ. ૯૫ ભક્તિ | શંભુ મહેતા | હર્ષ પટેલ, ભૂમિ સોની |
| ૧૧ | ૪૮ | અ. ૯ ક્ષમાયાચના | શંભુ મહેતા | હર્ષ પટેલ, સમીપ સ્વાદીયા, ભૂમિ સોની |
| ૧૨ | ૬૯ | અ. ૧૩ શાસ્ત્રો | શંભુ મહેતા | હર્ષ પટેલ, સમીપ સ્વાદીયા, ભૂમિ સોની |
| ૧૩ | ૮૮<br>૯૧<br>૯૬ | અ. ૧ વેદાંત ચિંતન<br>અ. ૬૭ વેદાંત ચિંતન<br>અ. ૧૨૮ વેદાંત ચિંતન | જાનકી જોષી, વિષ્ણુ જોષી<br>શંભુ મહેતા<br>પ્રવિણ જોષી | અમી ઠાકોર, ભૂમિ સોની, સમીપ સ્વાદીયા<br>અમી, ભૂમિ, સમીપ<br>અમી, ભૂમિ, સમીપ |
| ૧૪ | ૯૯ | અ. ૩૧ અદ્વૈતામૃતપાન | પ્રવિણ જોષી, સમીપ સ્વાદીયા | અમી ઠાકોર, મયુરીકાબેન, આશીતા પ્રજાપતિ, હર્ષ પટેલ, સમીપ સ્વાદીયા, જાનકી જોષી |
| ૧૫ | ૧૦૦ | અ. ૩૩ અદ્વૈતામૃતપાન | સમીપ સ્વાદીયા, અમી ઠાકોર, પ્રવિણ જોષી | અમી ઠાકોર, મયુરીકાબેન, આશીતા પ્રજાપતિ, હર્ષ પટેલ, સમીપ સ્વાદીયા, જાનકી જોષી |
| ૧૬ | ૧૦૭ | અ. ૩૬ અદ્વૈતામૃતપાન | પ્રવિણ જોષી | અમી ઠાકોર, મયુરીકાબેન, આશીતા પ્રજાપતિ, હર્ષ પટેલ, સમીપ સ્વાદીયા, જાનકી જોષી |
| ૧૭ | ૧૧૭ | અ. ૧૨૦ અદ્વૈતામૃતપાન | પ્રવિણ જોષી | અમી ઠાકોર, મયુરીકાબેન, આશીતા પ્રજાપતિ, હર્ષ પટેલ, સમીપ સ્વાદીયા, જાનકી જોષી |
| ૧૮ | ૧૨૫ | અ. ૧૨૨ અદ્વૈતામૃતપાન | પ્રવિણ જોષી | અમી ઠાકોર, મયુરીકાબેન, આશીતા પ્રજાપતિ, હર્ષ પટેલ, સમીપ સ્વાદીયા, જાનકી જોષી |
| ૧૯ | ૧૩૨ | અ. ૧૯ બ્રહ્માત્મૈક્યજ યોગ (અદ્વૈતામૃતપાન) | – | અમી ઠાકોર, મયુરીકાબેન, આશીતા પ્રજાપતિ, હર્ષ પટેલ, સમીપ સ્વાદીયા, જાનકી જોષી |